સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

યુનોના ઠરાવોની પસ્તીનું પોટલું થઈ ગયું!
નાનો દેશ વિશ્વને લબાડી ન થવા કહી ગયું!
થઈ ગયું નાક જોવા જેવું ઓબામા ને બૂનનું -
લ્યો! હવે મારું કોરિયા જવાનું તો રડી જ ગયું!!

હાઈકુ

દેખાય તો છે!
સેનાની બધી શક્તિ -
મોકડ્રીલમાં...

તબેલા રેઢા -
ઘોડા ઘૂસ્યા પછી જ
થાય એલર્ટ...

ચિંતન

નાસ્તયન્તરાયઃ કાલ વિક્ષેપઃ ॥

ચાણક્ય નીતિનું આ સૂત્ર છે.

'સમયનો દુરુપયોગ વિઘ્નોને જ નિમંત્રણ આપે છે.'

કોઈ પણ સત્કાર્ય-શુભ સંકલ્પને 'પછી', 'બે મિનિટ', કાલ પર ઠેલવું ન જોઈએ. કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ - કામને પછી પર ઠેલવાથી એમાં વિઘ્નો આવે છે અને પછી એ કદી પણ સાકાર થતાં નથી. ઘણીવાર આપણા કે સામેની વ્યક્તિના વિચારમાં 'પછી' થી વિચાર પરિવર્તન થઈ જાય છે.

કામ 'પછી' - કાલ' પર ઠેલવામાં મોટે ભાગે 'આળશું વૃત્તિ' જ કામ કરતી હોય છે.

ઉત્સાહી-સક્રિય માણસો કોઈ પણ કામ નિર્ણય થતાં વિચાર આવતાં તરત જ કરી નાખે છે. આળશુ લોકો તેમને 'ઉતાવળીયા', 'સતપતીયા' કહેતા હોય છે પણ એ 'આળશુ' કરતાં સારા વિશેષણો છે.

સુવિચાર

- લગ્ન એટલે પડછાયો રહી જાય પણ તમે ગાયબ થઈ જાવ એવો જાદુ - **એસ. ભટ્ટાચાર્ય**
- આગળ વધવું હોય અગર તો રસ્તાની સાથે હોય રસ્તામાં ખાટા ટેકરા, એને પણ રસ્તા ગણવાના - **વિવેક ટેલર**
- મજા સફરમાં સાચી અને છે માર્ગમાં ખરી, મંઝિલ હાથમાં આવે એ ઘડી અંતની ઘડી - **શાહબુદ્દિન રાઠોડ**
- જયારે તમારી કલ્પનાઓ ધૂંધળી દેખાય ત્યારે તમે તમારી આંખ ઉપર ભરોસો ન રાખશો - **અરબી કહેવત**
- જયાં સુધી કોઈ પ્રયોગ સફળતા સુધી ન પહોંચે ત્યાં સુધી તે પ્રયોગ અને તે પ્રયોગ કરનારને લોકો પાગલ જ ગણે - **માર્ક ટ્વેન**
- જયારે પણ જયાં પણ જરાયે સંશય હોય ત્યારે કાં તો સત્ય બોલવું કાં તો ચૂપ રહેવું - **ઓશો**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજ તો રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિ માટે પ્રેરણા માટે એવું નેતૃત્વ પણ નથી અને એવા શિક્ષકો-વાતાવરણ નથી જેત્યાગ-શહિદીની પ્રેરણા આપે.

શહીદ ભગતસિંહમાં નાનપણથી જ 'દેશપ્રેમ' ના સંસ્કાર હતા. તે કિશોરવયના હતા ત્યારે રેડિયો પર જલિયાંવાલા બાગના હજારો નિર્દોષ લોકોની હત્યાના સમાચાર સાંભળ્યા- તેમનું દિલ દ્રવી ઉઠ્યું. તરત દોડ્યા અને એ સ્થળ શોધી કાઢ્યું.

હજું ત્યાં કેટલીક લાશો-બૂટચંપલ લોહીથી ખરડાયેલી જમીન અને મૃતદેહો પડ્યા હતા. દશ્ય જોઈ ખૂબ રડ્યા અને તેની દેશભક્તિને પણ કંપારી છૂટી ગઈ.

બાગમાં પડેલી એક શીશીમાં ત્યાંની લોહીથી ખરડાયેલી માટી ઘેર આવ્યા અને ખાડો ખોદી માટી દાટી એના પર આંબો રોપ્યો.

બહેને પુછ્યું, ભાઈ શું કરે છે?

ભગતસિંહ - કહે રાષ્ટ્રભક્તિ અને ત્યાગની પ્રેરણા આપે એવું વૃક્ષ રોપું છું.

ઉત્તર કોરિયા : વિશ્વ વિનાશનું એપીસેન્ટર?

અણુબોમ્બ કરતાં હજારો ગણી સંહારક ક્ષમતા ધરાવતો હાઈડ્રોજન બોમ્બ બનાવ્યાની ઘોષણા કરીને ઉત્તર કોરિયાના સરમુખત્યાર શાસક કિમ જોંગ ઉને આખી દુનિયાને ચિંતામાં ધકેલી દીધી છે. પોતાની તાકાતના પરચા બતાવવા હરહંમેશ ઉત્સુક રહેતા આ ક્રૂર સરમુખત્યારે એમના જન્મ દિવસથી બે દિવસ પહેલાં હાઈડ્રોજન બોમ્બનું પરિક્ષણ કરાવ્યું ત્યારે રીતસરનો ધરતીકંપ સરજાયો હતો. અત્યાર સુધી અમેરિકા જેવા શક્તિસંપન્ન દેશો એમ જ માનતા રહ્યા હતા કે કિમ જોંગ ઉન ખોટી ડંફાસો મારતો ફરે છે. જે દેશ પાસે મિસાઈલ બનાવવાનાં ફાંફાં છે તે હાઈડ્રોજન બોમ્બ કેવી રીતે બનાવી શકે? પરંતુ કિમ જોંગે એમને ઉત્તર કોરિયાની તાકાત બતાવીને ઊંઘતા ઝડપી લીધા છે. જો ઉત્તર કોરિયાએ ખરેખર હાઈડ્રોજન બોમ્બ બનાવવાની ક્ષમતા હસ્તગત કરી જ દીધી હોય તો એ આખી દુનિયા માટે અને વિશેષપણે એશિયા ખંડ માટે ઊંડી ચિંતાનો વિષય ગણાવો જોઈએ. ઉ.કોરિયાએ જેનું સફળ પરિક્ષણ કર્યું, તે હાઈડ્રોજન બોમ્બ જ હોવો જોઈએ એની પ્રતીતિ વિસ્ફોટને પરિણામે સર્જાયેલા સાડા પાંચ રિકટર સ્કેપના ભૂકંપથી મળે છે. પાડોશી જાપાન અને દ.કોરિયા તો સરમુખત્યારના આ પગલાથી રીતસર ડઘાઈ જ ગયાં છે. તત્કાળ સુરક્ષા સમિતિની બેઠક બોલાવાઈ છે. ભારત અને ચીને પણ ઉત્તર કોરિયાના આ પગલાને વખોડી કાઢ્યું છે. અમેરિકાએ એને વૈશ્વિક નિયમોનો ભંગ ગણાવી સખત ટીકા કરી છે અને જાપાન તથા દક્ષિણ કોરિયાએ પોતાની સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દઈ દુશ્મન દેશની આ

તંત્રીસ્થાનેથી....

હિંસક ચેષ્ટાનો યોગ્ય પ્રત્યુત્તર વાળવાની પ્રતિજ્ઞા જાહેર કરી છે. ટૂંકમાં આ ઘણી જ ચિંતાજનક ઘટના છે, જે ભવિષ્યમાં મહાવિનાશ નોતરી શકે છે. અલ બગદાદીના ઈસ્લામિક સ્ટેટ કરતાં કિમ જોંગ ઉનનું ઉત્તર કોરિયા દુનિયા સામે મોટો ખતરો બની ચૂક્યુ છે. અમેરિકા, રશિયા અને યુરોપિયન દેશોની જેમ હવે ઉત્તર કોરિયા પાસે પણ આ મહાસંહારક હાઈડ્રોજન બોમ્બ આવી ગયો છે, જેને મિસાઈફ મારફત એ અમેરિકાની તળ ભૂમિ પર ફોડી શકે છે. શસ્ત્ર સ્પર્ધામાં બધાંથી આગળ રહેવાની અમેરિકાની મોનોપોલી સામે ઉત્તર કોરિયાના સરમુખત્યારનો આ પડકાર સૂચક છે. માથા ફરેલ સરમુખત્યાર ઘડીનો ય વિલંબ કર્યા વગર એના સંરક્ષણ મંત્રીને ભડાકે દઈ શકતો હોય, પોતાની સાથે લોહીની સગાઈ ધરાવતા સ્વજનો પર ડાઘિયા કૂતરા છોડાવી એમને ત્રાસદાયક મૃત્યુદંડ આપી શકતો હોય તો ઓચિંતા એક દિવસ ઊંઘમાંથી ઝબકીને પાડોશી દુશ્મન દેશો પર હાઈડ્રોજન બોમ્બ નહીં ઝીંકે એની શી ખાતરી? દુનિયા આખી પરમાણુંશસ્ત્રોના મુદ્દે બે દેશોને અત્યંત બિનભરોસાપાત્ર ગણતી રહી છે. ઈસ્લામિક આતંકવાદના પારણા જેવું પાકિસ્તાન કયારે હિંદુસ્તાન પર અણુ હુમલો કરી બેસશે, તે કલ્પવું અઘરું છે, પરંતુ એથી પણ વધારે ખતરનાક ઉત્તર કોરિયાના સરમુખત્યારનું પગલું હોઈ શકે છે. વિશ્વ આજે ફરી એક વાર વિનાશના આરે પહોંચી ગયું છે. ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો તે અડધી સૃષ્ટિને સાફ કરી દેશે, કારણ કે એમાં પરમાણું બોમ્બ કરતાં હજારો ગણી સંહારક ક્ષમતા ધરાવતા હાઈડ્રોજન બોમ્બનો ઉપયોગ થવાની શક્યતા છે.

B-12 એ શું બલા છે?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

હર્ષદના મોઢામાં ચાંદા પડી ગયા. હર્ષદની ઉંમર છે ૨૪ વર્ષ એક દવાખાનામાં નોકરી કરતો હતો. હર્ષદ કહે છે કે ૧ ઉપનો માવો સવારના પોર માંના ખાઉં તો સવારની કોઈ પણ પ્રોસીઝર મારાથી થઇ શકતી નથી, હર્ષદ કહે મારા કાકા શંકરલાલ તેઓ પણ સવારે બીડી ના પીવે તો સંડાસ બરાબર ઉતરતું નથી. પણ હર્ષદ કહે છે હું મસાલો છેલ્લા પંદર વર્ષ થી ખાઉં છું પંદર વર્ષમાં પહેલી વાર જ મારા મોઢામાં ચાંદા પડ્યા છે. સાહેબ હું ખુબજ ગભરાઈ ગયો છું. મને કેન્સર તો નહિ હોય ને છેલા એક મહિનાથી મારા મોઢા માટે ઘણી દવાઓ કાર્ય પછી પણ મોઢામાં પડેલા ચાંદા મટતા નથી.

શકરીબેનને પગમાં છેલ્લા એક મહિનાથી ખાલી ચઢે છે શકરી બેન કહે છે હું પગ પછાડી – પછાડીને થાકી ગઈ લોહીનો ડાયાબીટીસ નો ટેસ્ટ પણ કરાવ્યો. પણ કઈ ફરક પડતો નથી

અરુણાબેનને છેલ્લા બે મહિના થી હાથ અને પગમાં ઝણઝણાટી થાય છે. પગની પાની ખુબ દુખે છે. હાથ–પગમાં જાણે કે કીડી ઓ ફરતી હોય તેવું લાગે છે. મજા નથી આવતી અખો દિવસધ્યાન ત્યાને ત્યાજ રહે છે. થોડું ચાલીએ તો પગ ની એડી ઓ દુખાવા લાગે છે, ઘરમાં કામ કાજ કરવાની મજા નથી આવતી રસોઈ કરવા માટે થોડા પણ ઉભા રહીએ તો એડી દુખાવા લાગે છે, ટેબલ પર બેસીને ઉભા રસોડા પર રસોઈ બનાવું છું. ભાઈ મને બચાવો. મને તો આપઘાત કરવાની ઈચ્છા થાય છે.ડોક્ટર ને બતાવીએ છીએ તો થોડી શક્તિ ની દવા આપે થોડા દિવસ સારું લાગે છ ને પછી હતું એમ ને એમ મહેરબાની કરી ને મને આ દર્દ માંથી બહાર કાઢો.

શિલ્પા મેડીકલમાં અભ્યાસ કરે છે મેડીકલના બીજા વર્ષ માં છે ખુબ વાંચવાનું હોય, મહેનત પણ કરવાની હોય, શિલ્પા પોકારી પોકારી ને કહે છે કોઈ મને બચાવ મને ખુબ થાક લાગે છે,હું ખુબ વાંચું છું છતાં પણ મને કઈ યાદ નથી રહેતું. બિંદી બેનનુ વજન ૭૦ કિલો છે દેખાવા માં રુષ્ટ પુષ્ટ લાગે શરીર સમૃદ્ધિ પણ સારી છે પણ નિશાબેન ને ફરિયાદ છે કે મને ભૂખ નથી લાગતી મને કઈ પણ ખાવા ની ઈચ્છા નથી થતી, થાળી મારા સમક્ષ ભરેલી પડેલી હોય તો પણ તેમાંથી સહેજ પણ મોઢામાં મુકવાની ઈચ્છા નથી થતી. મારું HB ૧૨.૫ ગ્રામ હતું જે ઘટીને ૮ ગ્રામ થીઈ ગયું છે ડોક્ટર ને બતાવ્યું ડોક્ટરે કીધા પ્રમાણે ટેસ્ટ પણ કરાવ્યા છત પણ કોઈજ નિદાન નથી. ઓ માર ભગવાન મને બચાઓ મારે બે સંતાન છે સરસ મજાનો પતિ છે હજી બહુજ કામ કરવાના છે આવી રીતે તો કેટલું જીવી શકીશ હે ભગવાન ગરીબ ની બેલી મારી વારે થાઓ મને બચાવી લો.

કમલેશભાઈ એક મોટી કંપની માં CEO છે ૧૪ થી ૧૫ કલાક કંપની માટે તનતોડ મહેનત કરે છે થોડા સમયથી તેમના પીઠ અને માથામાં દર્દ છે આંખો ભારે ભારે પગ ઢીલા ઢીલા ગુસ્સો પણ ખુબ આવે, કામ માં ધ્યાન રાખવા છતાં પણ ધ્યાન નથી રહેતું. કંપનીના માલિક કમલેશભાઈ ઉપર ખુબ ગુસ્સે છે કંપની આઉટ પુટ ઓછું થઈ ગયું છે કમલેશભાઈ મહેનત કર્યા પછી પણ સારું પરિણામ લાવી શકતા નથી. કમલેશભાઈ રોજ ભગવાનને પ્રાર્થના કરે છે કે હે ભગવાન મારી નોકરી સાચવજે.

ઓ ભાઈ ઉપરના દુખ ભર્યા ઉદાહરણ તો વાંચ્યા પણ હવે મળી ને વાત તો કરો. કે આ બધાને થયું છે શું? એનું નિદાન કરો અને પહેલીઓ બુજાવવાની બંધ કરો, કોઈક સારા માણસે સલાહ આપી કે વિટામીન B-12નો લોહીનો ટેસ્ટ કરાવો.અને સાહેબ બધાના આશ્ચર્ય વચ્ચે ઉપરના બધાજ પાત્રોને વિટામીન B-12 ૧૦૦ થી ૧૫૦ની વચ્ચે જ આવ્યા, બધાએ રીપોર્ટ જોયા અને કહ્યું અમારા HB તો બધાના નોર્મલ છે તો પણ વિટામીન B-12 કેમ ઓછું આવ્યું અમે પૌષ્ટિક ખોરાક તો ખાઈએ છીએ, કસરત પણ કરીએ છીએ તો પણ અમારું વિટામીન B-12 કેમ ઓછું છે પેલા ભલા ડોક્ટર એ કહ્યું સામાન્ય રીતે શાકાહારી માણસો દાળ ભાત, રોટલી-શાક બહુ બહુ તો સારું પ્રોટીન (કઠોળ) ખાતા હોય છે પણ તેમાં વિટામીન B-12 ની માત્રા ખુબજ ઓછી હોય છે સામાન્ય રીતે NONVEG (માંસાહારી) ખાનાર લોકોમાં વિટામીન B-12ની ઉણપ ઓછી જોવા મળે છે.

તો ભાઈ તે શું માંડ્યું છે.અમને શાકાહારીને તારે માંસ ખાવા માટે પ્રેરિત કરવા છે. ના ભાઈ અમારી તો એવી કોઈ ઈચ્છા નથી પણ આતો સત્ય છે કે જે તમને કહ્યું, તો પછી અમારે શું કરવાનું? તો સાંભળો ભાઈ વિટામીન B-12 ના ઈન્જેકસન લેવા જોઈએ,જો કે કેટલા લેવા જોઈએ કેટલા પ્રમાણમાં લેવા જોઈએ તેમાં દરેક ડોક્ટરના મત જુદાજુદા પડે છે. પણ વિટામીન B-12 ના નસમાં ઈન્જેકસન લેવાથી ઝડપ થી ફરક પડે છે પણ ભાઈ કેવી રીતે ઈન્જેકસન લેવા તો પહેલા અઠવાડિયે રોજ એક-એક ઈન્જેકસન એવા સાત ઈન્જેકસન નસમાં લેવા પછીના અઠવાડિયામાં અઠવાડિયા માં એક દિવસ છોડીને એક - એક ઈન્જેકસન લેવા પછીના અઠવાડિયે અઠવાડિયામાં બે લેવા પછી

અનુસંધાન પાના નં. ૭ પર

'રાજનૈતિક સ્વતંત્રતા રાષ્ટ્રનો પ્રાણ છે' આ કથન કોનું છે?

સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ

(૧) 'સ્વદેશી અને સ્વરાજ' પુસ્તકના લેખક કોણ છે?
(અ)રવિન્દ્રનાથ ટાગોર (બ) બિપિનચંદ્ર પાલ
(ક) મહર્ષિ અરવિંદ (ડ) છગન ખેરોજ

(૨) ગાંધીજી અને ડૉ. ભીમરાવ આંબેડકર વચ્ચે કયા સ્થળે કરાર થયા હતા?
(અ) લાહોર (બ) ચંડીગઢ
(ક) પૂના (ડ) લખનૌ

(૩) અમદાવાદમાં પ્રથમવાર યોજાયેલ રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશના પ્રમુખ કોણ હતા?
(અ) સુરેન્દ્રનાથ બેનરજી (બ) મહાત્મા ગાંધી
(ક) સરદાર વલ્લભભાઈ પટેલ (ડ) ગોપાલકૃષ્ણ ગોખલે

(૪) ભારતમાતા એસોશિએશનના સ્થાપક કોણ હતા?
(અ) છગન ખેરોજ (બ) દિવાન મનીરામ દત્ત
(ક) રામપ્રસાદ બિસ્મિલ (ડ) નીલકંઠ બ્રહ્મચારી

(૫) કાકોરી ટ્રેન કાંડનું નેતૃત્વ કયાં ક્રાંતિકારી નેતા કરી રહ્યા હતા?
(અ) રામપ્રસાદ બિસ્મિલ (બ) દિવાન મનીરામ દત્ત
(ક) ઉધમસિંહ (ડ) નીલકંઠ બ્રહ્મચારી

(૬) ૧૩ એપ્રિલ ૧૯૧૯ ઈતિહાસમાં કઈ ઘટના માટે જાણીતો દિવસ છે?
(અ) કાકોરી ટ્રેનકાંડ (બ) જલિયાવાલા બાગ હત્યાકાંડ
(ક) જનરલ ડાયરનું ખૂન (ડ) આઝાદ હિંદ ફોજની રચના

(૭) 'રાજનૈતિક સ્વતંત્રતા રાષ્ટ્રનો પ્રાણ છે' આ કથન કોનું છે?
(અ) જયોતિબા ફૂલે (બ) અરવિંદ ઘોષ
(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) લોકમાન્ય તિલક

(૮) 'રઘુનાથ પાંડુરંગ યેવલેકર' કયાં નામથી જાણીતા હતા?
(અ) તાત્યા ટોપે (બ) મંગલ પાંડે
(ક) મરાઠા શેર (ડ) ક્રાન્તિવીર

(૯) પ્લાસીના યુદ્ધમાં સિરાજ ઉદ્દ-દોલાને કોણે દગો દીધો હતો?
(અ) લોર્ડ વેલેસ્લી (બ) તેના સેનાપતિ મીર જાફરે
(ક) લોર્ડ ઈરવીંગ (ડ) લોર્ડ કેનીંગ

(૧૦) રાષ્ટ્રીય કોંગ્રેસનું સૌ પ્રથમ અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરનાર અંગ્રેજ કોણ હતા?
(અ) એનીબેસન્ટ (બ) લોર્ડ કેનીંગ
(ક) જયોર્જ યૂલે (ડ) લોર્ડ ડફરિન

(૧૧) ૧૯૨૨માં મેવાડના ભીલ આંદોલનનું નેતૃત્વ કોણ સંભાળતું હતું?
(અ) મોતીલાલ તેજાવત (બ) બીરડા મુંડા
(ક) દેવેન્દ્રનાથ ઠાકુર (ડ) ગુરુ રામસિંહ

(૧૨) ૧૯૧૬માં કોંગ્રેસ અને મુસ્લિમ લીગનું સંયુક્ત અધિવેશન કયાં યોજાયું હતું?
(અ) દિલ્હી (બ) આગ્રા
(ક) લખનૌ (ડ) કલકત્તા

(૧૩) ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો પ્રથમ ગવર્નર કોણ હતો?
(અ) કોર્ન વાલીસ (બ) ટોમસ સ્મિથ
(ક) લોર્ડ પાકાર્સ્ટન (ડ) લોર્ડ ડફરિન

(૧૪) કામાગાટામારુ જહાજને કોણે ભાડેથી લીધું હતું?
(અ) અબ્દુલા શેઠ (બ) નવરોજીએ
(ક) બાબા ગુરુદત્ત સિંહ (ડ) ગુરુ રામસિંહ

(૧૫) કૂકા આંદોલન કયા રાજયમાં થયું હતું?
(અ) પંજાબ (બ) કાશ્મીર
(ક) ઉ.પ્રદેશ (ડ) મધ્યપ્રદેશ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૮ જાન્યુઆરી ૧૯૨૧ આર્ચર ગોર્ડોન : અમેરીકન તબીબ અને વૈજ્ઞાનિક, લાઈફ સેવીંગ સીપીઆર ટેકનીક આપનાર
- ૮ જાન્યુઆરી ૧૯૦૫ કાર્લ ગુસ્તવ હેમ્પેલ : જર્મનીમાં જન્મેલા યુ.એસ.ના ફિલોસોફર સાયન્સ પ્રમોશન માટે કામ કરનાર
- ૯ જાન્યુઆરી ૧૮૦૫ કર્લ ડસીક : ઓસ્ટ્રેલિયન ન્યુરોલોજીસ્ટ તેઓ ફાધર ઓફ અલ્ટ્રાસોનિક ડાયગ્નોસીસ - જાણીતા છે.
- ૯ જાન્યુઆરી ૧૮૮૬ એડવીન રે ગુથરીએ : અમેરીકન સાયકોલોજીસ્ટ 'લો ઓફ કન્ટીજ્યુઈટી' આપનાર
- ૧૦ જાન્યુઆરી ૧૯૧૧ નોર્મન હિટલેય : ઈંગ્લીશ બાયોકેમીસ્ટ, સિરીયસ બેકટેરીયલ ઈન્ફેકશનમાં પેનીશીલીનની અસરકારકતા ચકાસનાર
- ૧૦ જાન્યુઆરી ૧૮૭૭ ફેડરીક ગાર્ડનર કોટરેલ : અમેરીકન શિક્ષણશાસ્ત્રી અને વૈજ્ઞાનિક. 'ઈન્ડ્રસ્ટ્રીયલ ઈલેકટ્રોસ્ટેટીક પ્રેસીપીટર' બનાવનાર
- ૧૧ જાન્યુઆરી ૧૯૦૫ કલાઈડ એમ. ક્લુખોન : અમેરીકન કલ્ચરલ એન્થ્રોપોલોજીસ્ટ, 'નાવાજો' પર સ્ટડી કરનાર
- ૧૧ જાન્યુઆરી ૧૮૯૫ લ્યૂર્નસ હેમન્ડ : અમેરીકન ઉદ્યોગપતિ તથા સંશોધક, 'ઈલેકટ્રોનીક હેમોન્ડ ઓર્ગન' ડેવલપ કરનાર
- ૧૨ જાન્યુઆરી ૧૯૦૩ લ્ગોર વાસીલીયાવીચ કુર્ચાટોવ : સોવિયેટ ન્યુકલીઅર ભૌતિકશાસ્ત્રી, સોવિયેટ યુનિ.માં 'સાયકલોટ્રોન' બનાવનાર ટીમના સભ્ય
- ૧૨ જાન્યુઆરી ૧૮૯૯ પૌલ મૂલર : સ્વીઝ કેમીસ્ટ, નોબલ પ્રાઈઝ વિજેતા (૧૯૪૮) ડીડીટીની શોધ કરનાર
- ૧૩ જાન્યુઆરી ૧૮૬૪ વિલિયમ વાઈન : જર્મન ભૌતિકશાસ્ત્રી, બ્લેકબોડી પરથી ઉત્સર્જન થતા રેડિયેશન પર સંશોધન કરનાર, ૧૯૧૧માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૩ જાન્યુઆરી ૧૮૫૮ ઓસ્કર મિન્કોવસ્કી : જર્મન ફીઝીયોલોજીસ્ટ તથા પેથોલોજીસ્ટ, ડાયાબીટીસને સંલગ્ન સંશોધન કરનાર
- ૧૪ જાન્યુઆરી ૧૮૯૦ રોલા એન. હેન્ગર : અમેરીકન ટોક્સીકોલોજીસ્ટ અને બાયો. માનવશરીરમાં રહેલા આલ્કોહોલને માપવાનું પ્રથમ મશીન બનાવનાર
- ૧૪ જાન્યુઆરી ૧૮૯૦ અર્થર હોલ્મસ : ઈંગ્લીશ જીઓલોજીસ્ટ અને પેટ્રોલોજીસ્ટ , આફ્રિકાની ભૂરચના પર સંશોધન કરનાર

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : અરૂણ જેટલી સામે મોરચો માંડનાર ભાજપના કયા નેતાને પક્ષમાં સસ્પેન્ડ કરાયા?

જવાબ : કિર્તી આઝાદ (સંસદ સભ્ય)

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) બિમલકુમાર હરીશભાઈ રાવલ : ૬૯૦/૨, સે-૩ (૬) રેખા એમ. જાદવ : સે-૩૦ (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ઉત્તર કોરિયાના તાનાશાહ રાષ્ટ્રપ્રમુખનું નામ શું છે?

'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૮ (૫૧) ૬ (૨૧) ૫ (૬૧) ૬ (૮૧)
૫ (૧૧) ૬ (૦૧) ૫ (૭) ૮ (૭) ૫ (૩) ૮ (૫) ૬ (૨) ૮ (૬) ૫ (૧)

નીતિવાક્યોનું અમૃત

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



દક્ષિણ ભારતમાં સમ્રાટ રાઠોડ કૃષ્ણદેવરાયનું શાસન હતું. (ઈ.સ.૯૫૯) એમનો સામાન્ત વાગરાજ ગંગધારામાં હતો. હૈદરાબાદ પાસેના પરભણી ગામમાંથી ઈ.સ.૯૬૬નું તામ્રપત્ર મળ્યું છે. એમાં નોંધ છે કે ગંગધારામા શુભધાસમ જિનાલય આ વાગરાજે બંધાવેલું છે. એ વખતે આ જિનાલયનો વહિવટ આચાર્ય સોમદેવસૂરિ સંભાળતા હતા. તેઓ ગંગધારાના વતની હતા. આ સોમદેવસૂરિને લોકો કવિશ્વર તરીકે ઓળખતા. એમની સાહિત્યરચનાઓમાં 'નીતિવાક્યમૃત' સૌથી વધુ પ્રચલિત છે.

નીતિવાકયામૃતમાં ૩૨ અધ્યાયો છે અને તેમાં ૧૫૨ સૂત્રો છે. આ સૂત્રો નાના નાના અર્થસભર વાકયો છે. સોમદેવે આની રચના જ કનોજના રાજા મહેન્દ્રદેવને માર્ગદર્શન આપવા કરી હતી. માત્ર રાજા જ નહિ. કોઈ પણ પ્રકારનો મનુષ્ય - પછી તે રાગી હોય કે વિરાગી - આ ગ્રંથને કારણે વ્યવહારકુશળ બને છે અને પોતાની સંસારયાત્રાનો સુખદ નિર્વાહ કરી શકે છે. નીતિવાકયામૃતની કેટલીક રત્નકણિકાઓ આ પ્રમાણે છે :

(૧) ધર્મ, અર્થ અને કામ - ત્રણેય પુરુષાર્થને એકસરખું મહત્વ પોતાનાં આચરણમાં આપવું.
(૨) જેને જે દેવ પ્રત્યે શ્રદ્ધા હોય, એમણે એ દેવની પ્રતિષ્ઠા માનવી.
(૩) અપ્રામાણિકતા કાયમ માટે નથી ચાલતી. લાકડાના વાસણમાં રસોઈ એક જ વાર થઈ શકે છે.
(૪) પરાક્રમ નહિ કરતા રાજાનું શાસન વેપારીના હાથમાં ખડગ જેવું છે.
(૫) બધા લોકો બીજાનાં ઘરોમાં જ વિક્રમાદિત્ય હોય છે.
(૬) વગર વિચાર્યે, કશું ન કરવું.
(૭) વાણીની કઠોરતા શસ્ત્ર પ્રહાર કરતાં ચડિયાતી છે.
(૮) રાજા પોતે જ ચોરો સાથે ભળી જાય તો એમાં પ્રજાનું કલ્યાણ કયાંથી થવાનું?
(૯) અધિકારીઓ ઉપર વિશ્વાસ કરવો એટલે બિલાડીને દૂધ સોંપવું.
(૧૦) ધન હોય તે જ મહાન છે, તે જ કુલીન છે.
(૧૧) સુખની જેમ દુઃખને પણ જાણે તે મિત્ર.
(૧૨) નમ્રતા પરાક્રમનું આભૂષણ છે.
(૧૩) રાજાનું પરસ્ત્રીગમન એટલે દેડકાનો સાપનાં દરમાં પ્રવેશ.
(૧૪) માણસ દુઃખમાં હોય ત્યારે જ ધાર્મિક બને છે.
(૧૫) સન્યાસીઓ પણ ધનિકની ખુશામત કરે છે.
(૧૬) વીર્ય, મળ, મૂત્ર અને અપાનવાયુના વેગને રોકવાથી પથરી, ભગંદર, ગુલ્મ અને અર્શ થાય છે.
(૧૭) બજાર ખોરાક અને પરસ્ત્રીનો સ્વીકાર ન કરવો.
(૧૮) રાજા પાસે આસુરી વૃત્તિ ન હોય, તો જ રાજય શોભે.
(૧૯) પિતા ધનિક હોય, તો કન્યા પતિને પણ તુચ્છ માને.
(૨૦) કાર્ય શરુ કર્યા પછી તેની વિચારણા કરવી એટલે માથું મુંડાવ્યા પછી શુભ નક્ષત્ર પૂછવું.
(૨૧) મિત્ર માટે ઈન્દ્રની જેમ અનુકૂળ અને શત્રુને માટે યમની જેમ પ્રતિકૂળ હોય, તે રાજાય
(૨૨) રાજા જો પોતાની સાથે હોય, તો ઘેટું પણ સિંહ થઈ જાય.
(૨૩) કાર્ય સિદ્ધિ થાય ત્યાં સુધી રહસ્ય સાચવી રાખવું.
(૨૪) આગ લાગે ત્યારે કુવો ન ખોદાય.
(૨૫) જે થોડું ખાય, તે વધુ ખાય છે.
(૨૬) રાજા મૂરખ હોય, એના કરતાં ન હોય; તે વધુ સારું.

સમગ્ર ગ્રંથમાંથી આચાર્ય સોમદેવ સૂરિની વ્યવહાર કુશળતા અને થોડામાં ઘણું કહી શકવાની સર્જકતાનો પરિચય થાય છે.